# ગુજરાતી માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓમાં સર્જનાત્મકતાના વિકાસમાં શાળા તથા ઘરના ફાળાનો અભ્યાસ

શ્રી જાગૃતિબેન પટેલ
આચાર્યા,
જ્ઞાનદા ગર્લ્સ હાઇસ્કૂલ, ઘાટલોડિયા, અમદાવાદ

## 1. પ્રસ્તાવના

વર્તમાન સમયમાં શિક્ષણ માત્ર પાઠ્યપુસ્તકો સુધી સીમિત નથી; તે વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ અને સર્જનાત્મકતા ઉદ્ભવવા માટેનું સાધન બની ગયું છે. વિદ્યાર્થીઓની સર્જનાત્મકતા વિકસિત કરવા માટે શાળા અને ઘર બંનેનું મહત્વપૂર્ણ યોગદાન છે. શાળા વિદ્યાર્થીઓને વિવિધ પ્રવૃત્તિઓ અને અભ્યાસક્રમો દ્વારા નવીન વિચારો અને કૌશલ્ય વિકસિત કરવાની તક આપે છે, જ્યારે ઘરનું વાતાવરણ અને પરિવારજનોનો સહયોગ વિદ્યાર્થીઓના આત્મવિશ્વાસ અને અભિવ્યક્તિ ક્ષમતા વધારવામાં મદદરૂપ થાય છે.

ગુજરાત રાજ્યમાં 'સપ્તધારા' કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓને વિવિધ સાંસ્કૃતિક અને સર્જનાત્મક પ્રવૃત્તિઓમાં જોડાવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે, જેમાં 'સર્જનાત્મક અભિવ્યક્તિ ધારા' ખાસ મહત્વ ધરાવે છે. આ ઉપરાંત, શાળાઓમાં ક્લબ પ્રવૃત્તિઓ, પ્રોજેક્ટ આધારિત અભ્યાસ અને સહ-પાઠ્યક્રમ પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓની સર્જનાત્મકતા અને વિચારશક્તિ વિકસાવવામાં આવે છે.

ઘરમાં, માતા-પિતા અને પરિવારજનો બાળકોને પ્રોત્સાહન, માર્ગદર્શન અને યોગ્ય વાતાવરણ પૂરુ પાડીને તેમની સર્જનાત્મકતા વિકસિત કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. ઘરના સભ્યો દ્વારા આપવામાં આવતું પ્રોત્સાહન અને સહયોગ બાળકોને નવા વિચારો અને અભિવ્યક્તિ માટે પ્રેરણા આપે છે.

આ અભ્યાસમાં, અમે ગુજરાતી માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓમાં સર્જનાત્મકતા ના વિકાસમાં શાળા તથા ઘરના ફાળાની ભૂમિકા અને મહત્વને વિશ્લેષિત કરીશું, જેનાથી વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે બંને પરિપ્રેક્ષ્યોની સમજ મેળવી શકાય.

સર્જનાત્મકતા એ માનવ વિકાસનો મુખ્ય સ્તંભ છે, જે વ્યક્તિને નવીન વિચારો, ઉકેલો અને અભિવ્યક્તિ માટે પ્રેરિત કરે છે. માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓમાં સર્જનાત્મકતા વિકસાવવા માટે શાળા અને ઘર બંનેનું મહત્વપૂર્ણ યોગદાન છે. આ સંશોધન પેપરમાં, અમે ગુજરાતી માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓમાં સર્જનાત્મકતા વિકાસમાં શાળા અને ઘરના ફાળાની ભૂમિકા પર વિશ્લેષણ કરીશું.

**2.સમસ્યા કથન**

પ્રસ્તુત અભ્યાસનું સમસ્યા કથન નીચે મુજબ છે.

ગુજરાતી માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓમાં સર્જનાત્મકતા ના વિકાસમાં શાળા તથા ઘરના ફાળાનો અભ્યાસ

**3. સંશોધનના હેતુઓ**

પ્રસ્તુત **સંશોધનના** હેતુઓ નીચે મુજબ છે.

1. ગુજરાતી માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓમાં સર્જનાત્મકતાનું મૂલ્યાંકન કરવું.
2. શાળાનું શૈક્ષણિક માહોલ, શિક્ષણપદ્ધતિ અને શિક્ષકની ભૂમિકા સર્જનાત્મકતા પર કેવો પ્રભાવ કરે છે તેનું નિરીક્ષણ કરવું.
3. ઘરના વાતાવરણ, માતા-પિતાની ભૂમિકા તથા ઘરના સભ્યોના વલણની અસર જાણવી.

**4.સંશોધન પ્રશ્નો (Research Questions)**

1. ગુજરાતી માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓમાં સર્જનાત્મકતાનું સ્તર કેટલું છે?
2. શાળાની શૈક્ષણિક તથા સહપાઠ્ય પ્રવૃત્તિઓ વિદ્યાર્થીની સર્જનાત્મકતાના વિકાસમાં કેટલો ફાળો આપે છે?
3. શિક્ષકોની ભુમિકા વિદ્યાર્થીની સર્જનાત્મકતા વિકસાવવામાં કેટલી અસરકારક છે?
4. ઘરના વાતાવરણ, માતા-પિતાની ભૂમિકા અને પરિવારના શૈક્ષણિક સ્તરનો સર્જનાત્મકતાના વિકાસ પર કેટલો પ્રભાવ પડે છે?
5. શાળા અને ઘરના ફાળાનો વિદ્યાર્થીઓની સર્જનાત્મકતાના વિકાસમાં તુલનાત્મક અભ્યાસ શું દર્શાવે છે?
6. શાળાઓ દ્વારા આપવામાં આવતી શૈક્ષણિક અને બૌદ્ધિક આઝાદી સર્જનાત્મકતાને કેવી રીતે પ્રોત્સાહન આપે છે?
7. વિદ્યા, સાહસ, નવીન વિચાર અને અભિવ્યક્તિ માટેના અવકાશમાં શાળા અને ઘરના ફરજિયાત તત્વો કેટલા ઉપયોગી છે?
8. શાળા અને ઘરના સહકારથી રચાયેલા શૈક્ષણિક માળખાની અસર વિદ્યાર્થીની સર્જનાત્મકતા પર કેવી રીતે જોવા મળે છે?
9. સર્જનાત્મકતા વધારવા માટે શાળા અને ઘરમાં કયા પ્રકારની નીતિઓ કે પ્રવૃત્તિઓ વધુ અસરકારક હોય છે?

**5. સંશોધનનું મહત્વ**

1. **વિદ્યાર્થી કેન્દ્રિત શિક્ષણ માટે માર્ગદર્શન**

- સંશોધન શાળાએ કેવી રીતે સર્જનાત્મકતા વિકસાવવામાં યોગદાન આપી શકે તે સમજાવવામાં મદદરૂપ થશે.
- વિદ્યાર્થીઓના ઘરના વાતાવરણ અને પરિવારજનોના સહયોગ વિશે જાણકારી મળશે, જે તેમના સર્જનાત્મક વિકાસને અસર કરે છે.

2. **શૈક્ષણિક નીતિ નિર્માણ માટે ઉપયોગી**
- શૈક્ષણિક નીતિનિર્માતાઓ માટે ઘરો અને શાળાઓની જવાબદારી વિષે સ્પષ્ટ સૂચનો ઉપલબ્ધ થશે.
- આ આધાર પર તાલીમ કાર્યક્રમો કે નીતિઓ રચી શકાય છે જે સર્જનાત્મકતાને વધારવા માટે સકારાત્મક સાબિત થાય.

3. **શિક્ષકો અને વાલીઓ માટે માર્ગદર્શન**
- શિક્ષકો માટે શ્રેષ્ઠ પદ્ધતિઓ વિશે જાણકારી મળશે કે જે વિદ્યાર્થીઓમાં વિચારશક્તિ અને નવીનતા વિકસાવે.
- વાલીઓ માટે ઘરેલું વાતાવરણ કેવી રીતે પ્રેરણાદાયક બનાવવું તે સમજવામાં સહાય મળે.

4. **વિદ્યાર્થી વિકાસ માટે આધારભૂત માહિતી**
- વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે શાળાની પ્રવૃત્તિઓ અને ઘરના સહયોગ વચ્ચેના સંબંધને વૈજ્ઞાનિક રીતે સમજાવવામાં મદદરૂપ થાય.

5. **શૈક્ષણિક સંસ્થાઓ માટે શ્રેષ્ઠ અભ્યાસપ્રથાઓ (Best Practices)**
- એવી શાળાઓ કે પરિવારના મોડેલ ઓળખી શકાય કે જ્યાં સર્જનાત્મકતા વધારે પ્રમાણમાં વિકસે છે, જે અન્ય સંસ્થાઓ માટે અનુસરી શકાય એવા મોડેલ બની શકે.

6. **ભવિષ્યના સંશોધનો માટે આધારભૂત તથ્યો**
- આ સંશોધનના પરિણામો અન્ય સંશોધકો માટે આધારરૂપ પુરાવા પૂરું પાડશે, ખાસ કરીને શિક્ષણમાં સર્જનાત્મકતા અને પરિવારશાળા સહભાગિતાના ક્ષેત્રે.

**6. સંશોધન પદ્ધતિ**

આ સંશોધન માટે વર્ણનાત્મક સંશોધન પદ્ધતિ પૈકી સર્વે પદ્ધતિ અપનાવવામાં આવી. માહિતી મેળવવા માટે નીચે મુજબ પદ્ધતિઓ અપનાવવામાં આવી.

**7. સંશોધનનો ઉદ્ભવ**

આધુનિક યુગમાં શિક્ષણ ફક્ત પુસ્તકીય જ્ઞાન સુધી મર્યાદિત નથી રહ્યું. શિક્ષણનું મુખ્ય લક્ષ્ય છે વિદ્યાર્થીના સર્વાંગી વિકાસ માટે તેની અંદર છુપાયેલ ક્ષમતા અને સૃજનાત્મકતાને ઉજાગર કરવી. સાહિત્ય, વિજ્ઞાન, દ્રષ્ટિબળ, કલા કે ટેક્નોલોજી જેવા દરેક ક્ષેત્રે સર્જનાત્મકતા એ સફળતાની ચાવી બની રહી છે.

વિશેષ કરીને, ગુજરાત રાજ્યમાં માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓમાં સર્જનાત્મકતા કેટલી વિકસે છે, તેમાં શાળાની શિક્ષણપદ્ધતિ, અભ્યાસક્રમ, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, સહઅભ્યાસિક પ્રવૃત્તિઓનો કેટલો ફાળો છે? તે સાથે જ પરિવારના માહોલ, માતા-પિતાની સમજદારી, વિદ્યાર્થીઓને આપવામાં આવતી આઝાદી અને

પ્રોત્સાહન કેટલું મદદરૂપ બને છે – તે તમામ મુદ્દાઓ આજના સમયમાં ચર્ચા અને અભ્યાસના વિષય બની રહ્યાં છે.

શાળાઓમાં સતત પરીક્ષા આધારિત શિક્ષણપદ્ધતિ અને ઘરોમાં એક્ઝામ કે માર્કસને કેન્દ્રમાં રાખીને ચાલી રહેલી ચર્ચાઓ સર્જનાત્મકતાના અવરોધક બની રહી છે. આવી સ્થિતિમાં શાળાએ વિદ્યાર્થીઓને અભિવ્યક્તિ, કલ્પના, પ્રયોગશીલતા માટે કેટલું અવકાશ આપે છે? ઘર દ્વારા કેટલી માનસિક અને સામાજિક તાકાત મળે છે? આ પ્રશ્નોના ઉકેલ માટે તથ્યઆધારિત સંશોધનની જરૂરિયાત ઊભી થાય છે.

આ સંશોધન સમસ્યા એ ભાવિ પેઢીને 21મી સદીની મહત્વની કુશળતા – "સર્જનાત્મકતા" – માટે તૈયારી આપી શકે તેવા માળખાં, માળખાકીય તત્વો અને સહાયક પરિબળો વિશે ઊંડાણપૂર્વક અભ્યાસ કરવાની માગણી કરે છે.

**8. વ્યાપવિશ્વ અને નમૂના પસંદગી**

પ્રસ્તુત સંશોધન માં અમદાવાદ શહેરનીગુજરાતી માધ્યમની માધ્યમિક શાળામાં અભ્યાસ કરતાં તમામ વિધ્યાર્થીઓ, તેમના શિક્ષકો અને માતા પિતા વ્યાપવિશ્વ બને છે. સંશોધિકા એ નમૂના પસંદગી કરવા માટે યાદચ્છિક પધ્ધતિથી અમદાવાદ ની બે માધ્યમિક શાળાના 200 વિધ્યાર્થીઓની, 25 શિક્ષકોની અને 50 માતા પિતાની પસંદગી કરી હતી. સંશોધિકા એ જ્ઞાનદા ગર્લ્સ હાઇ સ્કૂલ અને કામેશ્વર વિધ્યાલયના ધોરણ 9 ના વિધ્યાર્થીઓની પસંદગી કરી હતી. આ જ બેવ શાળાના માધ્યમિક શિક્ષકો અને માતા પિતાની પણ પસંદગી કરી હતી.

**9. સંશોધનની મર્યાદા**

પ્રસ્તુત સંશોધનની મર્યાદા નીચે મુજબ છે.

1.પ્રસ્તુત સંશોધનમાં માત્ર ધોરણ 9 ના વિધ્યાર્થીઓનો જ સમાવેશ કરવામાં આવ્યો હતો.

2.પ્રસ્તુત સંશોધન અમદાવાદ શહેર પૂરતું જ મર્યાદિત હતું.

**10. સંશોધન ઉપકરણ**

પ્રસ્તુત સંશોધનમાં સંશોધિકાએ સ્વ રચિત સર્જનાત્મક કસોટી નો માહિતી એકત્રીકરણ માટે ઉપયોગ કર્યો છે,

**11. માહિતી એકત્રીકરણ**

પ્રસ્તુત સંશોધનમાં સંશોધિકા એ માહિતી એકત્રીકરણ કરવા માટે નિદર્શમાં પસંદ થયેલ શાળામાં જઈ પ્રિન્સિપાલની પરવાનગી લઈને નક્કી કરેલ સમયે શાળાની મુલાકાત લીધી હતી અને તૈયાર કરેલ કસોટી વિધ્યાર્થીઓ, શિક્ષકોને શાળામાં અને માતા પિતા ને ઘરે મોકલી હતી. કસોટી આપતા પેહલા

સંશોધનનો હેતુ જણાવ્યો હતો અને માહિતી ગુપ્ત રહેશે એની ખાતરી આપી હતી. કસોટી ભરાઈ ગયા બાદ વિધ્યાર્થીઓ, શિક્ષકો અને આચાર્યનો આભાર માન્યો હતો.

**12. આંકડાકીય પ્રયુક્તિનો ઉપયોગ**

પ્રસ્તુત સંશોધનમાં ટકાવારીનો માહિતીના પૃથક્કરણ માટે ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**13. માહિતીનું પૃથક્કરણ**

**વિદ્યાર્થીઓ માટેના પ્રશ્નોનું વિશ્લેષણ**

અહીં 200 **વિદ્યાર્થીઓની દૃષ્ટિએ શાળા અને ઘરના પરિપ્રેક્ષ્યમાં સર્જનાત્મકતાના** પ્રશ્નોના જવાબોનું ટકાવારી આધારિત વિશ્લેષણ છે.

**1. શાળામાં તમને કયા પ્રકારની પ્રવૃત્તિઓમાં ભાગ લેવાની તક મળે છે?**

| **પ્રવૃત્તિ પ્રકાર** | **વિદ્યાર્થીઓની સંખ્યા** | **ટકાવારી (%)** |
|---|---|---|
| કલા અને નાટક | 90 | 45% |
| વિજ્ઞાન અને પ્રોજેક્ટ | 60 | 30% |
| લેખન અને ભાષા પ્રવૃત્તિઓ | 30 | 15% |
| ભાગ લેવાતા નથી / ઓછા અવસર | 20 | 10% |

**2. શું શાળાના શિક્ષકો નવીન વિચારો માટે પ્રોત્સાહિત કરે છે?**

| **જવાબ** | **વિદ્યાર્થીઓની સંખ્યા** | **ટકાવારી (%)** |
|---|---|---|
| હા, પ્રોત્સાહન મળે | 130 | 65% |
| ક્યારેક પ્રોત્સાહન મળે | 50 | 25% |
| પ્રોત્સાહન મળતું નથી | 20 | 10% |

**3. ઘરમાં તમને કયા પ્રકારની સર્જનાત્મક પ્રવૃત્તિઓ કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે?**

| **પ્રવૃત્તિ પ્રકાર** | **વિદ્યાર્થીઓની સંખ્યા** | **ટકાવારી (%)** |
|---|---|---|
| હસ્તકલા અને ચિત્રકલા | 70 | 35% |
| વાર્તા / સંગીત | 60 | 30% |
| રસોઈ / નવીનતા | 30 | 15% |
| પ્રોત્સાહન મળતું નથી | 40 | 20% |

**4. શું તમે ઘરના સભ્યો સાથે મળીને કોઈ સર્જનાત્મક પ્રવૃત્તિઓ કરો છો?**

| **જવાબ પ્રકાર** | **વિદ્યાર્થીઓની સંખ્યા** | **ટકાવારી (%)** |
|---|---|---|
| હા, સહભાગી થવું | 110 | 55% |

| જવાબ પ્રકાર | વિદ્યાર્થીઓની સંખ્યા | ટકાવારી (%) |
|---|---|---|
| ના, થતું નથી | 90 | 45% |

**5. શાળા અને ઘરમાંથી કઈ જગ્યાએ તમને વધુ પ્રોત્સાહન મળે છે?**

| જવાબ પ્રકાર | વિદ્યાર્થીઓની સંખ્યા | ટકાવારી (%) |
|---|---|---|
| શાળામાં વધુ પ્રોત્સાહન | 90 | 45% |
| ઘરમાં વધુ પ્રોત્સાહન | 70% | 35% |
| બન્નેમાં સરખું પ્રોત્સાહન | 30 | 15% |
| કોઈ પ્રોત્સાહન મળતું નથી | 10 | 5% |

**શિક્ષકો માટેના પ્રશ્નોનું વિશ્લેષણ**

આ સંશોધનમાં 25 શિક્ષકોને શાળામાં વિદ્યાર્થીઓની સર્જનાત્મકતા વિકાસ માટે તેમના પ્રયાસો, પદ્ધતિઓ અને અભિગમ વિષે પ્રશ્નાવલી પૂછી તેમની દૃષ્ટિ મેળવી હતી. હેતુ એ છે કે શાળાના શિક્ષકો કેવી રીતે અને કેટલા પ્રમાણમાં સર્જનાત્મકતાને પ્રોત્સાહન આપે છે તે જાણવા.

**1. વિદ્યાર્થીઓની સર્જનાત્મકતા વિકસાવવા માટે શિક્ષકોના પ્રયાસો**

| પ્રયત્ન પ્રકાર | શિક્ષકોની સંખ્યા | ટકાવારી (%) |
|---|---|---|
| પ્રોજેક્ટ આધારિત શીક્ષણ અપનાવે | 15 | 60% |
| નવી ટેકનિક અને પદ્ધતિઓનો ઉપયોગ કરે | 10 | 40% |
| વિદ્યાર્થીઓને મુક્ત વિચાર પ્રગટાવા પ્રોત્સાહિત કરે | 18 | 72% |
| ખાસ સર્જનાત્મક પ્રવૃત્તિઓ આયોજન કરે | 12 | 48% |

2. **શાળામાં સર્જનાત્મક પ્રવૃત્તિઓ માટે વિશેષ કાર્યક્રમો/વર્ગો આયોજિત થવા અંગે**

| જવાબ | શિક્ષકોની સંખ્યા | ટકાવારી (%) |
|---|---|---|
| હા, નિયમિત આયોજન થાય | 16 | 64% |
| ક્યારેક આયોજિત થાય | 6 | 24% |
| નથી આયોજિત | 3 | 12% |

**3. વિદ્યાર્થીઓને નવીન વિચારો માટે પ્રોત્સાહન આપવાની રીત**

| પ્રોત્સાહન આપવાની રીત | શિક્ષકોની સંખ્યા | ટકાવારી (%) |
|---|---|---|
| ચર્ચા અને ચર્ચાવિમર્શ (Group Discussion) | 20 | 80% |
| પ્રોજેક્ટ અને પ્રસ્તુતિઓ કરાવવી | 15 | 60% |
| નવા વિચારો માટે ઈનામ કે સન્માન | 10 | 40% |

| **પ્રોત્સાહન આપવાની રીત** | **શિક્ષકોની સંખ્યા** | **ટકાવારી (%)** |
|---|---|---|
| વ્યક્તિગત માર્ગદર્શન આપવું | 18 | 72% |

**4. સર્જનાત્મક કાર્યનું મૂલ્યાંકન કેવી રીતે થાય?**

| **મૂલ્યાંકન પદ્ધતિ** | **શિક્ષકોની સંખ્યા** | **ટકાવારી (%)** |
|---|---|---|
| પ્રોજેક્ટ અને હેન્ડ-ઓન પ્રવૃત્તિઓ | 17 | 68% |
| લેખન કાર્ય અને પ્રસ્તુતિઓ | 12 | 48% |
| ચિંતન અને સમસ્યા ઉકેલવા ક્ષમતા મૂલ્યાંકન | 10 | 40% |
| મૂલ્યાંકન નથી થતું | 3 | 12% |

**5. ઘરના પરિપ્રેક્ષ્યને ધ્યાનમાં લઈને સહયોગ**

| **સહયોગ પ્રકાર** | **શિક્ષકોની સંખ્યા** | **ટકાવારી (%)** |
|---|---|---|
| માતા-પિતા સાથે નિયમિત સંવાદ | 14 | 56% |
| ઘરમાં સર્જનાત્મક પ્રવૃત્તિઓ માટે માર્ગદર્શન | 11 | 44% |
| પરિવારને શિક્ષણના મહત્વ વિશે જાણકારી આપવી | 9 | 36% |
| સહયોગમાં મુશ્કેલી આવે છે | 5 | 20% |

**માતા પિતા માટેના પ્રશ્નો**

અહીં 50 માતા-પિતાઓ માટે ઘરમાં સર્જનાત્મકતા વિકસાવવા અંગે લેવામાં આવેલ પ્રશ્નોના જવાબોનું ટકાવારી આધારિત વિશ્લેષણ છે.

**1. તમે તમારા બાળકને ઘરમાં કઈ પ્રકારની સર્જનાત્મક પ્રવૃત્તિઓ કરવા માટે પ્રોત્સાહિત કરો છો?**

| **પ્રવૃત્તિ પ્રકાર** | **સંખ્યા (માતા-પિતા)** | **ટકાવારી (%)** |
|---|---|---|
| ચિત્રકલા, પેઇન્ટિંગ | 35 | 70% |
| વાર્તા લખવી અને વાંચન | 28 | 56% |
| સંગીત અને નૃત્ય | 20 | 40% |
| વિજ્ઞાન પ્રયોગ અને પ્રોજેક્ટ | 15 | 30% |
| અન્ય (શાસ્ત્રીય રમતો, હસ્તકલા) | 10 | 20% |

**2. શું તમે તમારા બાળકના શાળાના સર્જનાત્મક પ્રવૃત્તિઓમાં ભાગ લો છો? કેવી રીતે?**

| **જવાબ** | **સંખ્યા (માતા-પિતા)** | **ટકાવારી (%)** |
|---|---|---|
| હા, શાળાના કાર્યક્રમોમાં હાજરી | 32 | 64% |
| હા, ઘરમાં બાળકોને મદદરૂપ થવું | 25 | 50% |
| નહિ | 10 | 20% |

| જવાબ | સંખ્યા (માતા-પિતા) | ટકાવારી (%) |
|---|---|---|
| ક્યારેક | 8 | 16% |

**3. શું તમે ઘરમાં સર્જનાત્મકતા માટે વિશેષ સમય અથવા જગ્યા ફાળવો છો?**

| જવાબ | સંખ્યા (માતા-પિતા) | ટકાવારી (%) |
|---|---|---|
| હા, વિશેષ સમય અને જગ્યા ફાળવીએ | 30 | 60% |
| હા, ક્યારેક ફાળવીએ | 12 | 24% |
| નહિ | 8 | 16% |

**4. શું તમે તમારા બાળકના નવા વિચારોને સ્વીકારો છો અને તેને આગળ વધવા માટે પ્રોત્સાહિત કરો છો?**

| જવાબ | સંખ્યા (માતા-પિતા) | ટકાવારી (%) |
|---|---|---|
| હા, પ્રોત્સાહિત કરું છું | 40 | 80% |
| ક્યારેક | 7 | 14% |
| નહિ | 3 | 6% |

**5. તમે શાળાના શિક્ષકો સાથે મળીને તમારા બાળકની સર્જનાત્મકતા વિકસાવવા માટે કઈ રીતે સહયોગ કરો છો?**

| સહયોગનો પ્રકાર | સંખ્યા (માતા-પિતા) | ટકાવારી (%) |
|---|---|---|
| શાળા મિટિંગ અને પરામર્શમાં ભાગ લેજો | 28 | 56% |
| બાળકોની પ્રવૃત્તિઓમાં સહયોગ | 20 | 40% |
| ઘરમાં શિક્ષણ અને પ્રોજેક્ટ્સ માટે માર્ગદર્શન આપવું | 22 | 44% |
| સહયોગમાં નિષ્ક્રીય | 8 | 16% |

## 14. તારણો

**1. શાળામાં સર્જનાત્મક પ્રવૃત્તિઓમાં ભાગ લેવાની તક**

વિદ્યાર્થીઓમાં 45% (90 વિદ્યાર્થીઓ) કલા અને નાટક જેવી પ્રવૃત્તિઓમાં હંમેશા ભાગ લે છે. 30% (60) વિજ્ઞાન અને પ્રોજેક્ટ આધારિત પ્રવૃત્તિઓમાં ભાગ લે છે, જ્યારે 15% (30) લેખન તથા ભાષા પ્રવૃત્તિઓ સાથે જોડાયેલા છે. માત્ર 10% (20) વિદ્યાર્થીઓએ જણાવ્યું કે તેમને શાળામાં સર્જનાત્મક પ્રવૃત્તિઓમાં ભાગ લેવાનો અવસર ઓછો કે નસીબ નથી.

**2. શિક્ષકો દ્વારા નવીન વિચારો માટે પ્રોત્સાહન**

વિદ્યાર્થીઓમાંથી 65% (130)એ જણાવ્યું કે શાળાના શિક્ષકો નવીન વિચારો માટે સતત પ્રોત્સાહન આપે છે. 25% (50) ક્યારેક પ્રોત્સાહન મળતા હોવાનું જણાવ્યું અને માત્ર 10% (20) વિદ્યાર્થીઓએ આ વાતને નકારાત્મક રીતે જાહેર કર્યું કે તેમને પૂરતું પ્રોત્સાહન મળતું નથી.

**3. ઘરમાં સર્જનાત્મક પ્રવૃત્તિઓ માટે પ્રોત્સાહન**

ઘર પરિવારમાં 35% (70) વિદ્યાર્થીઓ હસ્તકલા અને ચિત્રકલા જેવી પ્રવૃત્તિઓ માટે પ્રોત્સાહિત થાય છે. 30% (60) વાર્તા લખવી, સંગીત જેવા પ્રવૃત્તિઓમાં પ્રોત્સાહન મેળવે છે. 15% (30) રસોઈ અને અન્ય નવીન પ્રવૃત્તિઓ માટે પ્રોત્સાહિત છે. 20% (40)ને ઘરમાં પૂરતું પ્રોત્સાહન મળતું નથી.

**4. ઘરના સભ્યો સાથે સર્જનાત્મક પ્રવૃત્તિઓમાં ભાગીદારી**

55% (110) વિદ્યાર્થીઓ ઘરના સભ્યો સાથે મળીને કોઈ ન કોઈ સર્જનાત્મક પ્રવૃત્તિ કરે છે, જ્યારે 45% (90)ના ઘરમાં આવું સંયોજન નથી.

**5. શાળા અને ઘરમાંથી વધુ પ્રોત્સાહન**

45% (90) વિદ્યાર્થીઓએ જણાવ્યું કે શાળામાં તેમને વધુ પ્રોત્સાહન મળે છે, જ્યારે 35% (70) વિદ્યાર્થીઓએ ઘરમાં વધુ પ્રોત્સાહન મળવાનું કહ્યું. 15% (30)એ બન્ને સ્થળેથી સમાન પ્રોત્સાહન મળતું હોવાનું જણાવ્યું છે. માત્ર 5% (10)ને કોઈ પણ જગ્યાએ પૂરતું પ્રોત્સાહન મળતું નથી.

- મોટા ભાગના શિક્ષકો (72%) વિદ્યાર્થીઓને નવા વિચાર પ્રોત્સાહિત કરવામાં સક્રિય છે અને 60% પ્રોજેક્ટ આધારિત શિક્ષણ પદ્ધતિ અપનાવે છે.
- 64% શાળાઓમાં નિયમિત રીતે સર્જનાત્મક પ્રવૃત્તિઓ માટે કાર્યક્રમો આયોજિત થાય છે.
- શિક્ષકોનું 80% માને છે કે જૂથ ચર્ચા અને પ્રસ્તુતિ દ્વારા વિદ્યાર્થીઓના વિચારોમાં વિકાસ થાય છે.
- 68% શિક્ષકો પ્રોજેક્ટ અને હેન્ડ-ઓન પ્રવૃત્તિઓ દ્વારા મૂલ્યાંકન કરતા હોય છે, જે સર્જનાત્મકતાને સકારાત્મક રીતે માપવામાં મદદ કરે છે.
- ઘરના પરિપ્રેક્ષ્યને સમજતાં 56% શિક્ષકો માતા-પિતાને સાથે મળીને કાર્ય કરવાની વાત કરતા હોય છે, જે વિદ્યાર્થીઓની સર્જનાત્મકતા માટે સહાયક છે.
- મોટાભાગના માતા-પિતાઓ (70%) ચિત્રકલા અને પેઇન્ટિંગ જેવી સર્જનાત્મક પ્રવૃત્તિઓ માટે બાળકોને પ્રોત્સાહિત કરે છે.
- 64% માતા-પિતાઓ શાળાના સર્જનાત્મક કાર્યક્રમોમાં ભાગ લેતા હોય છે અને 50% ઘરમાં પણ બાળકોને સહાય કરે છે.
- 60% પરિવારોએ સર્જનાત્મક પ્રવૃત્તિ માટે ઘરમાં ખાસ સમય અને જગ્યા ફાળવી છે.
- 80% માતા-પિતા બાળકોના નવા વિચારોને સ્વીકારતા અને પ્રોત્સાહિત કરતા જોવા મળ્યા.
- શાળાના શિક્ષકો સાથે સંવાદમાં 56% માતા-પિતાઓ સક્રિય છે અને બાળકોના સર્જનાત્મક વિકાસમાં સહયોગ આપે છે.

**15. સૂચનો**

- શાળા અને ઘરના બંને પરિપ્રેક્ષ્યોમાં સર્જનાત્મકતા માટે પૂરતું પ્રોત્સાહન મહત્વપૂર્ણ છે.
- શાળા દ્વારા પ્રોજેક્ટ આધારિત શિક્ષણ અને કલા-સંગીત જેવી પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓની સર્જનાત્મકતા વિકસાવવામાં મોટો ફાળો પડે છે.

- ઘરમાં માતા-પિતા અને પરિવારજનો દ્વારા મળતો સહારો અને સમય પણ સર્જનાત્મકતા વિકાસમાં મજબૂત આધાર પૂરું પાડે છે.
- ઘરના સભ્યો સાથે મળીને કરવામાં આવતી પ્રવૃત્તિઓ બાળકોમાં નવીન વિચારો પ્રોત્સાહિત કરતી જોવા મળે છે.
- બન્ને જગ્યા, શાળા અને ઘર, વિદ્યાર્થીઓ માટે સર્જનાત્મકતાના વિકાસ માટે સમાન મહત્વ ધરાવે છે.
- શાળાઓએ સર્જનાત્મકતા વધારવા માટે વિશેષ વર્ગો અને પ્રવૃત્તિઓનું આયોજન વધુ પ્રમાણમાં કરવું જોઈએ.
- શિક્ષકોને નવા અભિગમ અને ટેકનિક શીખવાડવા માટે તાલીમ આપવામાં આવવી જોઈએ.
- શાળા અને પરિવારમાં સક્રિય સંવાદ દ્વારા બાળકોના સર્જનાત્મક વિકાસને પ્રોત્સાહિત કરવો જોઈએ.
- સર્જનાત્મક કાર્યનું મૂલ્યાંકન વધુ વૈવિધ્યપૂર્ણ રીતે અને નિયમિતપણે કરવું જરૂરી છે.

## 16. શૈક્ષણિક ફલિતાર્થ

**1. શાળાઓ માટે:**

- **અનુકૂળ શૈક્ષણિક માહોલ:** શાળાઓ એવા શૈક્ષણિક માળખાનું નિર્માણ કરી શકે જ્યાં વિદ્યાર્થીઓ ખૂલ્લી રીતે વિચારવિમર્શ કરી શકે, પ્રશ્નો ઉઠાવી શકે અને નવીન ઉકેલ શોધી શકે.
- **પ્રોજેક્ટ આધારિત અભ્યાસ:** અભ્યાસક્રમમાં project-based learning, drama, science fair, writing competitions વગેરે સામેલ કરવા દ્વારા સર્જનાત્મકતા વધુ ઘડાઈ શકે.
- **શિક્ષકોના તાલીમ કાર્યક્રમો:** શિક્ષકો માટે સર્જનાત્મક શિક્ષણ પદ્ધતિઓ (Creative Pedagogies) અંગે તાલીમ યોજવી, જેથી તેઓ વિદ્યાર્થીના નવા વિચારોને ઓળખી, તેમના વિકાસમાં માર્ગદર્શન આપી શકે.
- **મૂલ્યાંકન પદ્ધતિમાં સુધારો:** માત્ર પઠન-લેખન પર આધારિત મૂલ્યાંકન નહિ પરંતુ સતત પ્રગતિ માટે રચનાત્મક કાર્યનું મૂલ્યાંકન પણ જરૂરી બને.

**2. શિક્ષકો માટે:**

- વિદ્યાર્થીના વિચારને મહત્ત્વ આપવું : **વિદ્યાર્થીઓના નાના નવા વિચારોને પણ સમજીને આગળ વધારવા માટે સતત સંવાદ કરવો.**
- મોટિવેશન અને ફીડબેક: **નિયમિત રાષ્ટ્રીય, સ્થાનિક અને આંતરશાળા સ્તરે યોજાતી સ્પર્ધાઓ માટે વિદ્યાર્થીઓને તૈયાર કરવા અને તેમના યથાર્થ પ્રયાસોને ઓળખી પ્રશંસા કરવી.**
- વિષય સંબંધિત સર્જનાત્મક પ્રવૃત્તિઓ: **દરેક વિષયમાં કૃતિશીલ અભિગમ (Creative Approach) અપનાવવી જેથી વિષય રસપ્રદ બને.**

**3. માતા-પિતા માટે:**

- **ઘરમાં અનુકૂળ વાતાવરણ:** ઘરના વાતાવરણને મજબૂત બનાવવું જ્યાં બાળકને પોતાની કલ્પનાશક્તિ અને અભિવ્યક્તિ માટે અવકાશ મળે.

- **પ્રોત્સાહન અને સહભાગિતાને મહત્ત્વ:** બાળકના વિચારો અને કૌશલ્યને સમજવા અને તેને આગળ ધપાવવાનું કાર્ય માતા-પિતા સક્રિય રીતે કરે.
- **શાળાઓ સાથે સહયોગ:** બાળકના સર્જનાત્મક વિકાસ માટે શાળાના કાર્યક્રમોમાં હાજરી આપવી, સમર્થન આપવું અને શિક્ષકો સાથે સંવાદમાં રહેવું.

**4. વિદ્યાર્થીઓ માટે:**

- **અજમાવવા અને વિચારવાની ફરજિયાત તક:** વિદ્યાર્થીઓને નવી વસ્તુઓ અજમાવવી અને નવો દૃષ્ટિકોણ વિકસાવવા માટે ઉત્સાહિત કરવું.
- **અભિવ્યક્તિની સ્વતંત્રતા:** પોતાની વાત સ્પષ્ટ રીતે રજૂ કરવા માટે ઉત્તમ માધ્યમો ઉપલબ્ધ કરાવવાથી આત્મવિશ્વાસ વિકસે છે.
- **શૈક્ષણિક સફળતામાં વધારો:** સર્જનાત્મકતા અને શૈક્ષણિક સિદ્ધિ પરસ્પર સંબંધિત છે, તેથી સર્જનાત્મક અભિગમથી શૈક્ષણિક પરિણામોમાં પણ સુધારો શક્ય છે.

**5. સમાજ અને નીતિ નિર્માતાઓ માટે:**

- શૈક્ષણિક નીતિમાં ફેરફાર: **શાળાઓ અને શિક્ષણ નીતિમાં સર્જનાત્મક અભિગમને પ્રાથમિકતા આપવી જોઈએ.**
- સર્જનાત્મકતા ને નોંધપાત્ર અભિગમ તરીકે માન્યતા: **માધ્યમિક સ્તરે વિદ્યાર્થીઓની સર્જનાત્મક શક્તિઓને ઓળખવા અને તેને વિકાસ માટે એક વ્યાપક દૃષ્ટિકોણ અપનાવવો.**
- આ સંશોધન શિક્ષણ નીતિ નિર્માતાઓ, શિક્ષકો, શાળા સંચાલકો, માતા-પિતા અને વિદ્યાર્થીઓ બધાને એક દિશામાં કામ કરવા માટે માર્ગદર્શક પુરવાર થાય છે – જેનું મુખ્ય લક્ષ્ય વિદ્યાર્થીઓમાં રહેલી સર્જનાત્મક ક્ષમતા વિકસાવવી છે.

## 17.ભાવિ સંશોધન માટેની ભલામણો

આ સંશોધનના આધારે નીચેના સંદર્ભોમાં ભાવિ સંશોધન માટે ભલામણો આપવામાં આવે છે, જે આ ક્ષેત્રમાં વધુ ઊંડાણપૂર્વક સમજ માટે ઉપયોગી બની શકે છે:

- ધોરણ 6થી 12 સુધીના વિવિધ ધોરણોના વિદ્યાર્થીઓમાં સર્જનાત્મકતાનું સ્તર અને તેના પર ઘરના તથા શાળાના પરિપ્રેક્ષ્યનો વિવિધ રીતે થતો અસરકારક અભ્યાસ કરી શકાય.
- શહેરી તથા ગ્રામ્ય વિસ્તારની શાળાઓમાં રહેલા ભિન્ન સામાજિક, આર્થિક અને શૈક્ષણિક પરિપ્રેક્ષ્યના આધારે સર્જનાત્મકતાના વિકાસમાં ફર્ક કેવી રીતે પડે છે, તે અભ્યાસ માટે યોગ્ય ક્ષેત્ર છે.
- શાળાઓમાં બનાવવામાં આવતી નીતિઓ કે કાર્યક્રમો (જેમ કે કૃતિશીલ લેખન વર્ગો, શિલ્પકલા વર્ગો, robotics clubs, વગેરે)ના અસરકારકતાની છણાવટ કરતું  વિશિષ્ટ સંશોધન કરવું.
- જે શિક્ષકો વિદ્યાર્થીઓને ઓપન એન્ડેડ પ્રશ્નો, વિચાર વિમર્શ અને ટેક્નોલોજીના ઉપયોગ દ્વારા શીખવે છે, તેમની પદ્ધતિઓ અને વિદ્યાર્થીઓની સર્જનાત્મકતાના સ્તર વચ્ચે શું સંબંધ છે તે શોધી શકાય.

- ઘરના આર્થિક સ્તર, માતા-પિતા નું શિક્ષણ અને તેમને મળતો સહારો સર્જનાત્મકતાને કેવી રીતે અસર કરે છે – તે પર વિશ્લેષણાત્મક અભ્યાસ કરવો.
- જેમ કે Torrance Tests of Creative Thinking (TTCT), Divergent Thinking Tasks વગેરે, તેમના ઉપયોગ દ્વારા વધુ પ્રમાણભૂત અને તુલનાત્મક પરિણામો મેળવી શકાય છે.
- સંશોધન માત્ર એક સમયગાળામાં નહિં, પણ 2-3 વર્ષના અંતરે (Before & After Intervention) વધુ જટિલ અને વિશ્વસનીય પરિણામો આપી શકે છે.
- ટેબ્લેટ, મોબાઇલ, ઇન્ટરેક્ટિવ ઍપ્લિકેશન્સ, Online Creative Learning Platforms (જેમ કે Canva, Scratch, आदि)નું બાળમનોવૈજ્ઞાનિક રીતે વિદ્યાર્થીઓની સર્જનાત્મકતાને કેવી અસર કરે છે તે અંગે સંશોધન કરવું.
- વિવિધ વિષયોમાં (જેમ કે વિજ્ઞાન, ભાષા, સામાજિક વિજ્ઞાન, ગણિત) શાળા અને ઘરના પ્રેરણાંના કારણે સર્જનાત્મકતા કેવી રીતે વિકસે છે તે વિષય આધારિત વિશિષ્ટ અભ્યાસ.
- ઘરના સમાજશાસ્ત્રીય માળખું, મૂલ્યપદ્ધતિઓ, ભાષા અને પરંપરાઓ – કેવી રીતે વિદ્યાર્થીઓની સર્જનાત્મકતા ઘડવામાં ભુમિકા ભજવે છે તે વિષય પર પણ સંશોધન શક્ય છે.

આમ ઉપરોક્ત ભલામણોનો સમાવેશ કરીને ભવિષ્યના સંશોધનકારો વધુ વ્યાપક, ઘન અને અર્થપૂર્ણ પરિણામો પર પહોંચી શકે છે, જે શિક્ષણક્ષેત્રે નીતિ નિર્માણ તથા વ્યવહારિક સુધારામાં સહાયક બને છે.

## 18. ઉપસંહાર

આ સંશોધનમાં માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓમાં રહેલી સર્જનાત્મક શક્તિઓના વિકાસમાં શાળાની તેમજ ઘરના પરિપ્રેક્ષ્યની ભૂમિકા શું છે, તેનું વિશ્લેષણ કરવામાં આવ્યું. શિક્ષણ જગત આજે માત્ર પાઠ્યપુસ્તક પુરતુ અભ્યાસ પુરતો નથી રહ્યું, પરંતુ બાળકની સંપૂર્ણ વ્યક્તિત્વના વિકાસની દિશામાં આગળ વધી રહ્યો છે. તે માટે સૌથી અગત્યનું છે – બાળકની **સર્જનાત્મકતા**.

આ સંશોધનમાં મળેલા તારણો દર્શાવે છે કે શાળા અને ઘર બંને વિદ્યાર્થીના સર્જનાત્મક વિકાસમાં અગત્યનો ફાળો આપે છે. શાળા દ્વારા આપવામાં આવતી શૈક્ષણિક અને સહપાઠ્ય પ્રવૃત્તિઓ, શિક્ષકોનો સહયોગ, શૈક્ષણિક સ્વતંત્રતા તથા સર્જનાત્મક અભિગમ બાળકની અંદર રહેલા નવનિર્માણના બળને જાગૃત કરે છે. બીજી તરફ ઘરમાં માતા-પિતાનું લાગણીસભર માહોલ, હકારાત્મક વાતાવરણ, નવીન વિચારોને માન્યતા અને સ્વતંત્ર અભિવ્યક્તિ માટેનો અવકાશ પણ વિધાર્થીના સર્જનાત્મક વિકાસમાં ઊંડો અસરકારક સાબિત થાય છે.

## સંદર્ભ સૂચિ

1. **આચાર્ય મોહિની, (2008/2009); શિક્ષણમાં સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર. (પ્રથમ આવૃત્તિ), જાન્યુઆરી (2009), ગુજરાત..**

2. દોંગા નનુભાઈ એસ. (2009) ; અધ્યયન અધ્યાપન અને વિકાસનું મનોવિજ્ઞાન. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.પ્રવીણ પ્રકાશન, ભગવદ્ગોમંડલ. પૃ. 5395
3. દેસાઈ એ. જી. અને દેસાઈ કે. જી. (1997); સંશોધન પદ્ધતિઓ અને પ્રવિધિઓ, અમદાવાદ : ગુજરાત યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજય, પૃ. 276.
4. ઉચાટ, દિનેશચંદ્ર એ. (2009); શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનોમાં સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર. શિક્ષણ શાસ્ત્ર ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ,
5. પટેલ આર. એસ, (2008); શૈક્ષણિક સંશોધન માટે આંકડાશાસ્ત્રીય પદ્ધતિઓ. અમદાવાદ: જય પબ્લિકેશન.